કોવિડ-૧૯ ની પરિસ્થિતીમા શાળાઓ દ્વારા આપવામા આવતા ઓનલાઇન શિક્ષણ અને સ્વ-નિર્ભર શાળાઓ દ્વારા વસૂલવાની થતી ફી બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
ક્રમાંક : બમશ/૧૨૨૦/૫૩/એફ.આર.સી. સેલ
તારીખ : ૧૬.૦૭.૨૦૨૦.

વંચાણે લીધા :

(૧) નામ. ગુજરાત હાઇકોર્ટનો WP(PIL) 42/2020, 64/2020 અને 89/2020 નો તા.૧૯.૦૬.૨૦૨૦ નો ઓરલ ઓર્ડર.

(૨) ગુજરાત સ્વ-નિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ, ૨૦૧૭.

(3) શિક્ષણ વિભાગનો તા.૦૫.૦૬.૨૦૨૦ નો ઠરાવ ક્રમાંક: પીઆરઇ/૧૧૨૦૨૦/ ૧૯૨૯૩૧/ક.

(૪) PRAGYATA, Guidelines for Digitai Education, MHRD તારીખ: ૧૪.૦૭.૨૦૨૦.

પ્રસ્તાવના :

સમગ્ર દેશમાં તાજેતરમાં ઉપસ્થિત થયેલ કોવિડ-૧૯ મહામારીને કારણે તારીખ : ૧૬.૦૩.૨૦૨૦ થી રાજ્યની તમામ શાળાઓ (સરકારી, ગ્રાન્ટ-ઇન-એઇડ, સ્વ-નિર્ભર) બંધ રાખવાની જાહેરાત કરવામાં આવેલ છે. કેન્દ્ર સરકાર દ્વારા સમયાંતરે લોક-ડાઉનની જાહેરાતો કરવામાં આવેલ હતી તે સંજોગોમાં શાળાઓ બંધ રાખવામાં આવેલ હતી. હાલની પરિસ્થિતીમાં પણ કેન્દ્ર સરકારના આ અંગેના નિર્દેશો મુજબ શૈક્ષણિક સંસ્થાઓ શરૂ કરવા પર પ્રતિબંધ છે.

રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ સમયપત્રક મુજબ તારીખ : ૦૮.૦૬.૨૦૨૦ થી શાળાઓનું નવું શૈક્ષણિક સત્ર શરૂ કરવાનું હતું પરંતુ ઉપરના નિર્દેશો મુજબ શાળાઓ વાસ્તવિક રીતે શરૂ થઇ શકેલ નથી. વિકલ્પે, વિદ્યાર્થીઓને ઘરે બેઠાં શિક્ષણ મળી રહે તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા તા.૦૫.૦૬.૨૦૨૦ ના ઠરાવથી Home Learning અન્વયે શૈક્ષણિક કાર્ય હાથ ધરવા સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે જે રાજ્યની તમામ પ્રકારની શાળાઓ માટે બંધનકર્તા છે. Home Learning દ્વારા શૈક્ષણિક કાર્ય કરાવતી વખતે ઘણી શાળાઓ દ્વારા ઓનલાઇન વર્ગો શરૂ કરવામાં આવ્યાં છે જ્યારે કેટલીક શાળાઓ યુ-ટ્યુબના માધ્યમથી પ્રી-રેકોર્ડેડ વિષયવસ્તુ બાળકો સુધી પહોચાડે છે. તદુપરાંત, અન્ય સોશીયલ મીડીયા એપ્લીકેશનનો ઉપયોગ કરીને બાળકો ઘરે બેઠાં શિક્ષણ મેળવે તેવું આયોજન પણ શાળાઓએ કરેલ છે. રાજ્ય સરકાર દ્વારા સરકારી અને ગ્રાન્ટ-ઇન-એઇડ શાળાઓમા વિદ્યાર્થીઓ સુધી

Scanned with CamScanner
Scanned by CamScanner

મફત પાઠ્યપુસ્તકો પણ પહોંચાડવામાં આવેલ છે જેમાં છાપેલ 'QR કોડ' ને સ્કેન કરી વિદ્યાર્થીઓ જે તે વિષયવસ્તુને યોગ્ય રીતે સમજી શકે તેવી વ્યવસ્થા પણ કરવામાં આવેલ છે. આ મુજબના પાઠ્યપુસ્તકો સ્વ-નિર્ભર શાળાઓના બાળકો માટે પણ ઉપલબ્ધ છે.

રાજ્ય સરકાર દ્વારા 'ઓનલાઇન' શિક્ષણ કઇ ઉંમરના બાળકોને, કેટલા પ્રમાણમાં આપી શકાય તે અંગે રાજ્યના શિક્ષણ મંત્રીશ્રી અને સચિવશ્રી દ્વારા અગ્રણી શિક્ષણવિદો, બાળ-મનોચિકિત્સકો, કેળવણીકારો તેમજ તબીબો સાથે વીડીયો કોન્ફરન્સના માધ્યમથી ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. તેઓ તરફથી મળેલા સૂચનો અને શાળાઓની અને બાળકોની વાસ્તવિક સ્થિતી ધ્યાને રાખી 'ઓનલાઇન' શિક્ષણ અંગે કાર્યપધ્ધતિ નક્કી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. દરમ્યાન, કેન્દ્ર સરકારના શાળાકીય શિક્ષણ અને સાક્ષરતા વિભાગ, માનવ સંસાધન વિકાસ મંત્રાલય, નવી દિલ્હી દ્વારા તા.૧૪.૦૭.૨૦૨૦ ના રોજ PRAGYATA, Guidelines for Digital Education જાહેર કરવામાં આવી છે.

વધુમાં, તાજેતરની કોવિડ-૧૯ ની મહામારીના કારણે ઉપસ્થિત થયેલ ખાસ સંજોગોને કારણે વિવિધ પ્રકારની દાદ માંગતી જાહેર હિતની અરજીઓ નામ. ગુજરાત હાઇકોર્ટમાં જુદા જુદા અરજદારો દ્વારા દાખલ કરવામાં આવેલ છે જેમાં સ્વ-નિર્ભર શાળાઓ દ્વારા લૉક-ડાઉનના સમયગાળા માટે માંગવામાં આવતી 'ફી' અંગે તેમજ આ શાળાઓ દ્વારા આપવામાં આવતા 'ઓનલાઇન' શિક્ષણ બાબતે ઉપસ્થિત કરેલ વિવિધ મુદ્દાઓ બાબતે નામ. ગુજરાત હાઇકોર્ટના તા.૧૯.૦૬.૨૦૨૦ ના ઓર્ડરથી આપવામાં આવેલ નિર્દેશો મુજબ નીચેની કાર્યવાહી કરવાની રહે છે :

1. રાજ્યમાં જુદી જુદી શાળાઓ દ્વારા આપવામાં આવતા 'ઓનલાઇન' શિક્ષણ બાબતે રાજ્ય સરકારે કોઇ ચોક્કસ પધ્ધતિ (work out few modalities) નક્કી કરવી.
2. નાના બાળકો માટે 'ઓનલાઇન' શિક્ષણ આપવું કેટલું યોગ્ય છે તે વિચારણા કરવી.
3. લૉક-ડાઉનના સમયગાળા દરમ્યાન શાળાઓ દ્વારા વાલીઓ પાસેથી માંગવામાં આવતી ફી બાબતે સ્પષ્ટતા કરવી તેમજ જો કોઇ વિદ્યાર્થી દ્વારા તારીખ : ૩૦.૦૬.૨૦૨૦ સુધી 'ફી' ન ભરાઇ હોય તો પણ તેનો પ્રવેશ રદ્દ ન કરવામાં આવે તે સુનિશ્ચિત કરવું.

ઠરાવ :

ઉપરની સમગ્ર બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી. આ દરમ્યાન કેન્દ્ર સરકારના શાળાકીય શિક્ષણ અને સાક્ષરતા વિભાગ, માનવ સંસાધન વિકાસ મંત્રાલય, નવી દિલ્હી દ્વારા તા.૧૪.૦૭.૨૦૨૦ ના રોજ PRAGYATA, Guidelines for Digital Education જાહેર કરવામાં આવેલ છે જેમાં હાલના સમયગાળા માટે અનિવાર્ય બની ગયેલ Home Learning દ્વારા શૈક્ષણીક પ્રવૃત્તિઓ હાથ ધરવા બાબતે તમામ પાસાઓની વિષદ છણાવટ કરીને જરૂરી તમામ મુદ્દાઓ આવરી માર્ગદર્શિકા બહાર પાડવામાં આવેલ છે. Digital and Online Education માટેની આ માર્ગદર્શિકા આદર્શ જણાતી હોઇ રાજ્ય સરકારે તેનો સંપૂર્ણ સ્વિકાર કરી અનુસરવાનો નિર્ણય

Scanned by CamScanner

કરેલ છે. આમ, મુખ્ય વિચારણાને અંતે ઠરાવવામાં આવે છે કે રાજ્યની તમામ શાળાઓએ (સરકારી, ગ્રાન્ટ ઇન એઇડ, સ્વ નિર્ભર) આ માર્ગદર્શિકા મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

૨ શિક્ષણ વિભાગના તા.૦૫.૦૬.૨૦૨૦ ના Home Learning અંગેના ઠરાવમાં દર્શાવ્યા મુજબ ધોરણ ૫ થી ૧૨ માટે BISAG મારફતે વંદે ગુજરાત ચેનલ ઉપરથી પ્રસારિત થતા શૈક્ષણિક કાર્યક્રમો, સમયપત્રક મુજબ બાળકો જોઇ શકે તે માટે શાળાઓએ પ્રચાર-પ્રસાર કરવાનો રહેશે જેથી બેસ્ટ શિક્ષકો દ્વારા આપવામાં આવતા શિક્ષણનો લાભ વિદ્યાર્થીઓ સુધી પહોંચી શકે. ઉપરાંત, ડી.ડી. ગિરનાર ચેનલ ઉપરથી પ્રસારિત થતા શૈક્ષણિક કાર્યક્રમો પણ વિદ્યાર્થીઓ જુએ તે માટે તેઓને વાકેફ કરવાના રહેશે.

૩. શિક્ષણ વિભાગના તા.૧૭.૦૭.૨૦૧૮ ના નોટીફીકેશનથી 'વૈકલ્પિક પ્રવૃતિઓ/સુવિધાઓ' માટેની ફી અંગે જોગવાઇ કરવામાં આવેલ છે જે મુજબ જે વિદ્યાર્થી આવી પ્રવૃતિનો લાભ લેતા હોય તેઓની પાસેથી જ તે માટેની 'ફી' વસૂલ કરી શકાય છે. હાલ શાળાઓ બંધ હોઇ શાળા દ્વારા ઇતર પ્રવૃતિઓ માટે નિયત કરવામાં આવેલી ફી શાળાઓ નિયમિત શરૂ ન થાય ત્યાં સુધી કોઇ વિદ્યાર્થી પાસેથી વસૂલવાની રહેશે નહી. જો કોઇ વાલીએ આ પ્રકારની 'ફી' ભરી દીધી હોય તો શાળાઓ નિયમિત શરૂ થાય ત્યારે તે વખતે લેવાની થતી 'ફી' માં તે રકમ સરભર કરી આપવાની રહેશે. અર્થાત, જે સેવાઓ શાળા આપતી નથી તે સેવાઓ માટે કોઇ ચાર્જીસ/ફી લઇ શકાશે નહી.

૪. ધ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ, ૨૦૦૫ ની કલમ ૩૭ (i) ની જોગવાઇ હેઠળ તેમજ ગુજરાત સ્વ-નિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ, ૨૦૧૭ ની કલમ-૧૬ થી મળેલ સત્તાની રૂએ રાજ્યની સ્વ-નિર્ભર શાળાઓ બાબતે નીચે મુજબ સૂચના બહાર પાડવામાં આવે છે.

૪.૧ રાજ્ય સરકારના ધ્યાને આવેલ છે કે સંપૂર્ણ લોકડાઉનની સ્થિતિમાં પણ સ્વ-નિર્ભર શાળાઓ વિદ્યાર્થીઓ/વાલીઓ પાસેથી ફી ની માંગણી કરી તેમને ફી ભરવા ફરજ પાડે છે તેમજ કેટલીક ખાનગી શાળાઓ પોતાના શૈક્ષણિક તેમજ બિન-શૈક્ષણિક કર્મચારીઓને વેતન ચૂકવતી નથી અથવા તેમના વેતનના ૪૦% થી ૫૦% જેટલું ઓછું વેતન ચૂકવે છે. શૈક્ષણિક સંસ્થાઓ/મંડળો એ ચેરીટેબલ સંસ્થાઓ છે અને તેમની રચનાનો મુખ્ય હેતુ નફાખોરી કર્યા વિના સમાજને શિક્ષણ આપવા જેવો ઉમદા હોય છે. ખાસ કરીને હમણાંની ઉપસ્થિત થયેલ વિકટ પરિસ્થિતિમાં વાલીઓ/વિદ્યાર્થીઓ કપરી આર્થિક પરિસ્થિતિમાંથી પસાર થઇ રહ્યા હોય ત્યારે આ સંસ્થાઓએ તેમને મહત્તમ ટેકો આપવો જોઈએ. તેમ છતાં, શિક્ષણ વિભાગને ઉદ્દેશીને લખાયેલ સ્વનિર્ભર શાળા સંચાલક મહામંડળ-ગુજરાતના તારીખ : ૨૬/૦૬/૨૦૨૦ ના પત્રમાં, આવી વિકટ પરિસ્થિતિથી વાકેફ હોવા છતાં વિદ્યાર્થીઓ માટે ફી માં કોઈપણ પ્રકારનો ઘટાડો કરવા ઇનકાર કરી દીધેલ છે. આથી, તમામના જાહેર હિતમાં રાજ્ય સરકારે નિર્ણય કરેલ છે કે શાળાઓ વાસ્તવિક રીતે બંધ થઇ તે સમયગાળાથી શરૂ કરીને શાળાઓ પુન: વાસ્તવિક રીતે શરૂ થાય તે સમયગાળા સુધી કોઈપણ પ્રકારની ટ્યુશન ફી વસૂલ કરી શકશે નહી.

Scanned by CamScanner

૪.૨ વધુમાં, સ્વનિર્ભર શાળા સંચાલક મહામંડળ-ગુજરાતના તારીખ : ૧૪/૦૪/૨૦૨૦ ના આ મહામંડળ હેઠળની તમામ શાળાઓને ઉદ્દેશીને લખેલ પત્રના ફકરા-૭ માં સૂચવાયા મુજબ વર્ષ ૨૦૨૦-૨૧ માં કોઇપણ પ્રકારનો ફી વધારો શાળાઓ દ્વારા કરી શકાશે નહીં. આથી, તે મુજબ કોઇ સ્વ-નિર્ભર શાળા આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માં ફી વધારો કરી શકશે નહીં.

૪.૩ લોકડાઉનના સમયગાળા દરમ્યાન શાળાઓને થયેલ શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓના વેતનનો વાસ્તવિક ખર્ચ ગુજરાત સ્વ-નિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ, ૨૦૧૭ નો કલમ-૧૦ મુજબ આગામી વર્ષની ફી નક્કી કરતી વખતે ફી નિયમન સમિતિ દ્વારા ધ્યાનમાં લેવામાં આવશે.

૪.૪ જો કોઇ વાલીએ એડવાન્સ ફી ભરી હોય તો તેવા વાલીને શાળાએ આગામી સમયમાં લેવાની થતી ફી સામે વધારાની રકમ સરભર કરી આપવાની રહેશે.

૫. બાળકોના મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમની કલમ-૧૬ ની જોગવાઇ અનુસાર ધોરણ : ૧ થી ૮ માં અભ્યાસ કરતા કોઇપણ વિદ્યાર્થીને શાળામાંથી દૂર કરી શકાશે નહીં. જે જોગવાઇનું તમામ શાળાઓએ પાલન કરવાનું રહેશે. વધુમાં, નામ. ગુજરાત હાઇકોર્ટના તા.૧૮.૦૬.૨૦૨૦ ના આદેશો અનુસાર કોઇ શાળા તા.30.06.૨૦૨૦ સુધી ફી ન ભરનાર વિદ્યાર્થીને શાળામાંથી દૂર કરી શકશે નહીં.

આ હુકમો સમાન ક્રમાંકની ફાઇલ પરની સરકારશ્રીની તા.૧૬/૦૭/૨૦૨૦ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એસ.બી.કરોડે

(એસ.બી.કરોડે)

ઉપસચિવ,

શિક્ષણ વિભાગ

પ્રતિ,

૧ માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
૨ માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
૩ માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
૪ માન. મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
૫ માન. રાજ્ય મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
૬ મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
૭ અધિક મુખ્ય સચિવશ્રી(નાણા)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, બ્લોક નં.૨, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૮ અગ્ર સચિવશ્રી(શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૯ સચિવશ્રી(પ્રા.શિ. અને મા.શિ.), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૧૦ સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા અભિયાન, સેક્ટર ૧૩, ગાંધીનગર
૧૧ નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં [illegible]

Scanned by CamScanner

૧૩ નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

૧૪ સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

૧૫ નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટી., સેક્ટર ૧૨, ગાંધીનગર

૧૬ સર્વે જીલ્લા કલેક્ટરશ્રીઓ (કમિશ્નરશ્રી શાળાઓની કચેરી મારફત)

૧૭ સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (ગુ.મા. અને ઉ.મા.શિ.બોર્ડ મારફતે)

૧૮. સર્વે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ (નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ મારફતે)

૧૯ સર્વે શાસનાધિકારીશ્રીઓ(નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ મારફતે)

૨૦ સચિવાલયના સર્વે વિભાગો

૨૧ વિભાગની સર્વે શાખાઓ

૨૨ નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ

૨૩ શાખા સિલેક્ટ ફાઇલ

ક્રમાંક: પ્રાશિનિ/સંકલન/૨૦૨૦/ ૩૬૩૧ - ૩૭૨૯
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર તા. ૩૦/૦૭/૨૦૨૦

ઉક્ત શિક્ષણ વિભાગના તા. ૧૬/૦૭/૨૦૨૦ ના ઠરાવ અન્વયે આપની કક્ષાએથી જરૂરી નિયમાનુસારની કાર્યવાહી કરાવવા સારૂ . . .

(સહી)
સંયુક્ત શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.રા.ગાંધીનગર

પ્રતિ,
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

૨/ ઉપર મુજબ જરૂરી કાર્યવાહી કરવા સારૂ.

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ શાળાઓ
(સરકારી, ગ્રાન્ટ-ઇન-એઇડ, સ્વ-નિર્ભર)
વડોદરા.

માશ/ક-૩/પત્રવ્યવહાર/ ૯૦૫
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
અનાવીલ ભવન સામે, કારેલીબાગ
વડોદરા. તા. ૩૧ /૦૭ /૨૦૨૦

(સહી)
જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા.

Scanned by CamScanner